1. સામાજિક આંદોલનનો અર્થ આપી તેનાં લક્ષણો જણાવો. (March 18)

- સામાજિક આંદોલનને 'સામાજિક ચળવળ' તરીકે ઓળખવામાં આવે છે. સામાજિક આંદોલનનો અર્થ : સામાજિક આંદોલન એક સામાજિક પ્રક્રિયા છે. સમાજના પ્રવર્તમાન દૂષણો દૂર કરવા માટે અને નવી જીવનપદ્ધતિ પ્રસ્થાપિત કરવા માટે લોકો જ્યારે કોઈ સંગઠિત અને લાંબા સમય સુધી ચાલે એવું સામૂહિક પગલું ભરે ત્યારે તેને સામાજિક આંદોલન' કહે છે.
- સામાજિક આંદોલનનાં લક્ષણો : સામાજિક આંદોલનનાખ્યાલને સમજવા માટે તેનાં મહત્ત્વનાં લક્ષણો નીચે પ્રમાણે છે : સામાજિક આંદોલન ને સામાજિક અને લાંબા ગાળાની પ્રક્રિયા છે. સામાજિક આંદોલન એ સામૂહિકતાનું લક્ષણ ધરાવે છે. સામાજિક આંદોલન ધ્યેયલક્ષી હોય છે.મોટા ભાગના સામાજિક આંદોલનો સામાન્ય રીતે ચોક્કસ પ્રકારની વિચારસરણીથી પ્રેરિત હોય છે.
- દરેક સામાજિક આંદોલનમાં ક્રિયા તરફની અભિમુખતા હોય છે. મોટા ભાગનાં બધાં સામાજિક આંદોલનોમાં વ્યક્તિ કેવ્યક્તિઓનું ચોક્કસ પ્રકારનું તાદાસ્ય હોય છે. દરેક સામાજિક આંદોલનમાં પોતાની માગણીઓને પહોંચી વળવા માટેની ચોક્કસ પદ્ધતિઓ હોય છે અને એ માટે અનેક પ્રકારની રીતોનો ઉપયોગ કરવામાં આવે છે. પ્રત્યેક સામાજિક આંદોલન બદલાવ અને સાતત્યની લાક્ષણિકતાઓ ધરાવે છે.

2. સામાજિક આંદોલનના પ્રકારો જણાવો. (March 19).

- 'સામાજિક આંદોલન' શબ્દ સામાજિક સંસ્થાઓમાં પરિવર્તન લાવવા માટેનાં અથવા નવી જ સમાજવ્યવસ્થા નિર્માણ કરવા માટેનાં વિવિધ સ્વરૂપના સામૂહિક પ્રયાસો દર્શાવવા માટે વપરાય સામાજિક આંદોલનને કોઈ એક પ્રકારમાં મુકવું સરળ નથી. સામાજિક આંદોલનોને તેમની લાક્ષણિક્તાઓને આધારે જુદા જધ સમાજશાસ્ત્રીઓએ વર્ગીકૃત કર્યા છે. વિશ્લેષણાત્મક દષ્ટિએ સામાજિક આંદોલનના નીચે પ્રમાણે ચાર પ્રકારો છે :
- (1) સુધારાવાદી સામાજિક આંદોલન (Reformative Social Movement).
- (2) ક્રાંતિકારી સામાજિક આંદોલન (Revolutionary Social Movement).
- (3) પ્રતિરોધાત્મક સામાજિક આંદોલન) Resistance Social Movement
- (4) વિરોધાત્મક સામાજિક આંદોલન (Protest Social Movement).

3. સામાજિક આંદોલનની અસરો જણાવો. (July 18, March19)

- આંદોલન એ સમૂહની સામાજિક અભિવ્યક્તિ છે. સમૂહના લોકો પોતાના નક્કી કરેલા હેતુ માટે આંદોલન કરે છે. સામાજિક આંદોલન એ ચોક્કસ પરિવર્તન માટે કરવામાં આવે છે. સામાજિક આંદોલનની સમાજ પર નીચે મુજબની અસરો જોવા મળે છે : (1) સામાજિક આંદોલન પરિવર્તનની પ્રક્રિયાને ઝડપી બનાવે છે. (2) સામાજિક આંદોલનથી લોકોમાં સભાનતા આવે છે. (3) સામાજિક આંદોલનના કારણે નવી નેતાગીરી ઊભી થાય છે. (4) સામાજિક આંદોલનથી સમાજમાં વૈચારિક વિકાસ થાય છે. (5) સામાજિક આંદોલનના કારણે વૈકલ્પિક ઉપાયો વિશે ચર્ચાવિચારણા થાય છે. (6) સામાજિક આંદોલનથી સામાજિક બદલાવ આવે છે.